* S B - 0 2 1 6 / 1 5 0 0 *

# SB-0216

## Third Year B. A. Examination

**March / April – 2011**

## Gujarati : Paper-VI

**(કમ્પ્યૂટર પરિચય અથવા નિબંધ, ગદ્ય વિવરણ, કાવ્ય રસદર્શન, છંદ અને અલંકાર)**

Time : Hours] [Total Marks :

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fillup strictly the details of ☛ signs on your answer book.

Name of the Examination :
☛ T.Y.B.A.

Name of the Subject :
☛ Gujarati : Paper-6

☛ Subject Code No. : 0 2 1 6 ☛ Section No. (1, 2,.....) : Nil

Seat No. :

Student's Signature

(૨) અક્ષર અને જોડણી મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવાશે.
(૩) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.
(૪) કમ્પ્યુટરના પ્રશ્નોના જવાબ આપનારે નિબંધના પ્રશ્નોના જવાબ આપવાના નથી.

૧ કમ્પ્યુટરના વિવિધ ક્ષેત્રે ઉપયોગ જણાવો.

**અથવા**

૧ ગમે તે બે વિશે નોંધ લખો :
(૧) માઈક્રો કમ્પ્યુટર.
(૨) સુપર કમ્પ્યુટર.
(૩) સ્મૃતિ સંચય.

**અથવા**

૧ કોઈ પણ એક વિશે નિબંધ લખો :
(૧) હું માનવી માનવ થાઉં તો ઘણું.
(૨) વર્તમાન સમયમાં નારીની સ્થિતિ.
(૩) મારો પ્રિય સર્જક.
(૪) ટી.વી. અને મોબાઈલ.

૨ ગમે તે એક ગદ્યખંડનું વિવરણ કરો :
આમ તો ન જ કહી શકાય કે સાહિત્ય કૃતિમાં જીવનમાં જે વસ્તુ, જે પ્રસંગ, જે દૃશ્ય જેવી સ્થિતિમાં રહ્યું છે કે અનુભવાયું છે તે સ્થિતિમાં તેનું નિરૂપણ કરવું જોઈએ

કેમ કે, જો એમ હોય તો પછી સાહિત્ય સર્જક અને છાપાના રિપોર્ટર વચ્ચે કશો ભેદ ન રહે. એક દૃષ્ટિએ જીવનમાં જે કંઈ વાસ્તવિક છે તેનાં જુદાં જુદાં પ્રતિબિંબો આપણાં અને સર્જકનાં મન, બુદ્ધિ વગેરે કારણો પર પડે છે અને એની વ્યક્તિગત વિચાર સંપત્તિની છાપ એના ઉપર એ ધારે કે ન ધારે તો પણ ચોંટી જાય છે. આ દૃષ્ટિએ સર્જન એટલે પ્રતિસર્જન શુદ્ધ રીતે વાસ્તવિક હોઈ શકે જ નહીં.

**- દોલતરાય માંકડ**

**અથવા**

૨ પ્રજાની ભૌતિક સમૃદ્ધિ એ આંતરસત્ત્વનો માપદંડ નથી, પણ પ્રજાજીવનમાં નૈતિક મૂલ્યો કેટલાં સચવાયાં છે તેના પરથી તેનું આંતરિક સત્ત્વ મપાય છે. આ મૂલ્યોમાં સત્ય, ન્યાય, અહિંસા ઉપરાંત વીરત્વ, નિષ્ઠા, વૃત્તિ અને સહૃદયતાનો સમાવેશ થાય છે. આ આંતરિક સત્ત્વનું પોષણ સંવર્ધન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાહિત્ય અને કલા દ્વારા થતું રહે છે. આ આંતરસત્ત્વનાં મુખ્ય બે અંગો છે : જ્ઞાન અને આનંદ. પ્રજાના સંસ્કારજીવનમાં આ બે અંગોને વિકસાવવામાં સાહિત્ય અને કલાનો ફાળો બહુ મોટો છે. આજે આપણે સાહિત્યની કટોકટીની વાત કરીએ છીએ. આ કટોકટી તે મૂલ્યોની કટોકટી છે, સહૃદયતા અને સજ્જતાની કટોકટી છે.

**- કુમારપાળ દેસાઈ**

૩ ગમે તે એક કાવ્યનું રસલક્ષી વિવરણ કરો :

**માનવીનું હૈયું**

માનવીના હૈયાને નંદવામાં વાર શી ?
અધબોલ્યા બોલડે
થોડા અબોલડે,
પોચા શા હૈયાને પીંજવામાં વાર શી ?
સ્મિતની જ્યાં વીજળી
જરી શી ફરી વળી,
એના એ હૈયાને રંજવામાં વાર શી ?
એવા એ હૈયાને નંદવામાં વાર શી ?
માનવીના હૈયાને રંજવામાં વાર શી ?
એના એ હૈયાને નંદવામાં વાર શી ?

**- ઉમાશંકર જોશી**

**અથવા**

૩ **તીર્થોત્તમ**

ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની.
પુરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ
ભમ્યો યાત્રાધામો અડસઠ જલે સ્નાન કરિયાં
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી.

છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એક્કે તીરથ, જ્યાં
શકે મારી છીપી ચરમ મનીષા તું દરશની !
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં
વ્હયા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !

અમે બે સાંજુકાં સહજ મઢી ઓટે નિત પઠે
વળ્યાં'તાં વાતોએ નયન નમણાં ને સખી તણાં
ઢળ્યાં'તાં વાત્સલ્યે મૃદુલ નવજાતા કલી પરે
ઝૂકી, ઢાંકી જેને અરધપરધા પાલવ થકી
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃતઝરા !
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગત તીર્થોત્તમ મળ્યું !

**- બાલમુકુન્દ દવે**

૪ (અ) પૃથ્વી, સ્રગ્ધરા, અનુષ્ટુપ અને હરિગીતમાંથી કોઈ પણ બે છંદ વિશે લખો.

(બ) કોઈ પણ બેના છંદ ઓળખાવી બંધારણ સમજાવો.

(૧) ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે ! સૌમ્ય વયનાં.

(૨) મારા જીવનની ગતિ અટપટી, જાણે લખું ના લખું.

(૩) આજ મ્હારાજ જલ પર ઉદય જોઈને ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે.

(૪) નિર્દોષ ને નિર્મળ આંખ તારી,
હતી હજી યૌવનથી અજાણી.

૫ (અ) ઉપમા, વ્યતિરેક, અતિશયોક્તિ, વ્યાજસ્તુતિમાંથી કોઈ પણ બે વિશે લખો.

(બ) કોઈ પણ બેના અલંકાર ઓળખાવી તેમના દ્વારા પ્રગટતા કાવ્યત્વને સ્ફૂટ કરો :

(૧) કામિનીનો ધમ્મિલ લહે રે ફણા શોભાવી રક્ષે
શકે ધરાધર વાસ લેવાને ચડ્યો ચંપક વૃક્ષે.

(૨) નયન નમણાં, ગ્રીવા ધોળી, લલાટ સુહામણું.

(૩) ન એ રુધિર, મૂર્ત ઈશકરુણા તણો એ ઝરો.

(૪) અમે રે સૂકું રૂનું પુમડું
તમે અત્તર રંગીલા રસદાર.